


© NCERT
not to be republished

राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्
NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING

**Anand Activity Book for Balvatika 3**
Activity Book for Children

ISBN 978-93-xxxx-xxx-x

**First Edition**
*January 2023 Pausha 1944*

**PD ?T ??**

© ***National Council of Educational Research and Training, 2023***

**₹ ??.00**

*Printed on 80 GSM paper with NCERT watermark*

Published at the Publication Division by the Secretary, National Council of Educational Research and Training, Sri Aurobindo Marg, New Delhi 110 016 and printed at ..........................
..........................................................................

**ALL RIGHTS RESERVED**

- No part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise without the prior permission of the publisher.
- This book is sold subject to the condition that it shall not, by way of trade, be lent, re-sold, hired out or otherwise disposed of without the publisher's consent, in any form of binding or cover other than that in which it is published.
- The correct price of this publication is the price printed on this page, Any revised price indicated by a rubber stamp or by a sticker or by any other means is incorrect and should be unacceptable.

**OFFICES OF THE PUBLICATION DIVISION, NCERT**

NCERT Campus
Sri Aurobindo Marg
**New Delhi 110 016** **Phone : 011-26562708**

108, 100 Feet Road
Hosdakere Halli Extension
Banashankari III Stage
**Bengaluru 560 085** **Phone : 080-26725740**

Navjivan Trust Building
P.O.Navjivan
**Ahmedabad 380 014** **Phone : 079-27541446**

CWC Campus
Opp. Dhankal Bus Stop
Panihati
**Kolkata 700 114** **Phone : 033-25530454**

CWC Complex
Maligaon
**Guwahati 781 021** **Phone : 0361-2674869**

**Publication Team**

| | |
|---|---|
| Head, Publication Division | : *Anup Kumar Rajput* |
| Chief Production Officer | : *Arun Chitkara* |
| Chief Business Manager | : *Vipin Dewan* |
| Chief Editor (In charge) | : *Bijnan Sutar* |
| Assistant Production Officer | : ???? |

***Cover***
---------

© NCERT not to be republished

## હું તો જઈશ બાલવાટિકા

હું તો જઈશ બાલવાટિકા
અમે બધા જઈએ બાલવાટિકા
બાલવાટિકા, બાલવાટિકા, બાલવાટિકા
હો! હો! હો!

દફતર પણ નહીં,
ત્યાં કોઈ પુસ્તકો પણ નહીં,
તો પછી શું?

જાત જાતની રમતો,
રમતાં રમતાં ખવાનું,
એવી અમારી બાલવાટિકા,
મજાથી ભરેલી બાલવાટિકા

બાલવાટિકા, બાલવાટિકા, બાલવાટિકા
હો! હો! હો!

© NCERT not to be republished

# <u>પ્રસ્તાવના</u>

ભારતમાં બાળકોના પ્રારંભિક વર્ષોને સારી રીતે વ્યાખ્યાયિત પ્રક્રિયા દ્વારા ઉછેરવાની પરંપરા છે, જે વ્યાપકપણે "આનંદ"ના નામે ઓળખાય છે. એક પેઢી બીજી પેઢીમા સંસ્કારોનુ સિંચન કરે છે. આ સંસ્કારો બાળકોના જીવનના પ્રથમ આઠ વર્ષમાં પુરતી કાળજી લેવનો માર્ગ મોકળો કરે છે. જેથી પછીના વર્ષોમાં તેમના વિકાસ, વર્તન અને ક્ષમતાઓના દરેક પાસાને અનુકૂળ રીતે આકાર આપી શકાય.

આ તબક્કાના મહત્વને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 પાયાના પાંચ વર્ષ (3-8 વર્ષની વયના બાળકો)ને શાળામાં લાવવાની ભલામણ કરે છે. વ્યક્તિનું આજીવન શિક્ષણ, સામાજિક અને ભાવનાત્મક વર્તણૂક અને એકંદર આરોગ્યનો આધાર આ તબક્કા પર રાખે છે. આ ઉપરાંત, બાળકોને જ્ઞાનાત્મક ક્ષેત્રમાં સાક્ષરતા, સંખ્યાજ્ઞાન અને સર્જનાત્મક તથા સૌંદર્યલક્ષી સંવેદનશીલતા પ્રાપ્ત કરવા માટે તેમની શારીરિક અને ગતિશિલ કૌશલ્યોના વિકાસ માટે ખંત પુર્વકના સમર્થનની પણ જરૂર હોય છે. નવી રષ્ટ્રિય શિક્ષણ નીતિમાં આ તબક્કા માટે એક ચોક્કસ રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (NCF)ની ભલામણ કરે છે. જે સમગ્ર શિક્ષણ પ્રણાલીને પાયાના તબક્કે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા માટે જ નહીં, પરંતુ આ ગતિને શાળા શિક્ષણના આગામી તબક્કાઓ સુધી આગળ ધપાવવા માટે પણ વ્યાપકપણે માર્ગદર્શન આપે છે.

પ્રારંભિક તબક્ક માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (National Curriculum Framework - Foundational Stage) પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણના મુળમાં ભારતીય સંસ્કૃતિ અને નૈતિકતા મૂળ રાખવાની ભલામણ કરે છે. આ ઉપરાંત, તે ઘરે બાળકના અનુભવોને જ્ઞાન, કૌશલ્યો અને વલણ સાથે સંકલિત કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે જે શાળાના પરિસરમાં વિકસિત કરવામાં આવશે. તે માત્ર પુસ્તકોમાંથી શીખવાની પ્રવર્તમાન પ્રણાલીમાંથી વધુ અનુકૂળ રમતો અને યોગ્યતા આધારિત શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન દર્શાવે છે. જ્યાં બાળક વ્યસ્ત રહે છે અને શીખે છે. તેની સાથેનું જોડાણ વધુ મહત્વનું બની જાય છે.

આ ભલામણને પગલે, પાયાના તબક્કા માટેનો અભ્યાસક્રમ "આનંદ"ના વૈચારિક પાયા પર આધારિત છે. તૈત્તિરીય ઉપનિષદમાં સમજાવ્યા મુજબ પંચકોષીય વિકાસ (માનવ વ્યક્તિત્વના પાંચ સ્તરોનો વિકાસ) જે કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય સંહિતાનો એક ભાગ છે. જેથી જીવનના અંતિમ ધ્યેય તરીકે વ્યક્તિ દ્વારા સાકાર કરી શકાય તે માટે 'સ્વ'ને જીવનના અંતિમ ધ્યેય તરીકે સાકાર કરી શકે તે રીતે સ્પષ્ટ કરવામાં આવ્યુ છે. જેનાથી વ્યક્તિના સર્વગ્રાહી વિકાસના સમકાલીન દૃષ્ટિકોણ સાથે ભારતની પરંપરાગત સંસ્કૃતિનું સુમેળભર્યું મિશ્રણ સુનિશ્ચિત થાય છે.

આ પ્રયાસની સફળતા દેખીતી રીતે આંગણવાડીઓ, શાળાઓ અને સંબંધિત સંસ્થાઓ આ તબક્કે બાળકોની યોગ્ય ક્ષમતાઓ વિકસાવવા માટે પ્રોત્સાહિત કરવા જે પ્રયાસ કરશે તેના પર નિર્ભર રહેશે. બાળકોની યોગ્ય ક્ષમતા વિકસાવવા માટે, ભલામણ કરેલ કોર્સ વેબસાઈટ્સ પર પ્રિન્ટ તેમજ ઓનલાઈન એમ બંને રીતે ઉપલબ્ધ વિવિધ શિખવા-શિખવવાની સામગ્રીનો ઉપયોગ કરવો જરૂરી છે. આંગણવાડીઓ, શાળાઓ અને સંબંધિત સંસ્થાઓના સાવચેત માર્ગદર્શન હેઠળ વાલીઓએ પણ તેને અનુસરવું જોઈએ.

અભ્યાસક્રમના રચયિતાઓએ વિવિધ યોગ્યતાઓની ગોઠવણ કરીને તેમનો ભાગ ભજવ્યો છે. શરુઆતના શિક્ષણના પાંચેય વર્ષ દરમિયાન સન્માન કરવામાં આવશે. અભ્યાસક્રમ રચના વખતે, તેઓએ વિષયવસ્તુ સંબંધિત મુદ્દાઓને પણ સામેલ

© NCERT not to be republished

કર્યા છે. તેમણે મૂળભૂત શિક્ષણના વિવિધ સ્તરે જ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયાનું પુનર્ગઠન અને પુનઃરૂપરેખા કરીને કાર્ય કર્યું છે. આ ઉદ્દેશ્ય હાંસલ કરવા માટે, બાળ મનોવિજ્ઞાન પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે અને અલગ-અલગ સેટઅપમાં શીખવવા અને શીખવા માટે ઉપલબ્ધ સમયને ધ્યાનમાં લેવામાં આવ્યો છે.

બાલવાટિકાના બાળકો માટે આ પ્રવૃત્તિ પુસ્તક (આનંદ) NEP 2020ના ધ્યેયને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. સરળ, રસપ્રદ અને આકર્ષક રીતે ક્ષમતા આધારિત પ્રવૃત્તિઓ તૈયાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રવૃત્તિ પુસ્તકને સમાવેશી બનવાનો પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત, આ પુસ્તકમાં આપણી સામાજિક અને સાંસ્કૃતિક ધરોહરને જાળવવાની કાળજી લીધી છે. શિક્ષકો બાળકોને સક્ષમ કરવા અને શીખવા માટેની પ્રવૃત્તિઓને પુરતી તકો પૂરી પાડે છે. આર્ટ અને ક્રાફ્ટને પુસ્તકમાં એકીકૃત કરવામાં આવ્યું છે. જેના દ્વારા શિક્ષકો બાળકોમાં રહેલી સૌંદર્યલક્ષી ભાવનાની પ્રશંસા કરવા માટે સંવેદનશીલ અને પ્રેરિત કરે છે. પ્રવૃત્તિ પુસ્તક તેના પોતાના સંદર્ભો અંતર્ગત ખ્યાલોને સરળતાથી વ્યવહાર કરવા માટે પરિસ્થિતિલક્ષી જાગૃતિ પણ પ્રદાન કરે છે. આ પ્રવૃત્તિ પુસ્તક વિવિધ અનુભવો પ્રદાન કરવા, અન્ય પ્રવૃત્તિઓની શ્રેણી સાથે રમકડાં અને રમતો દ્વારા શીખવાની પદ્ધતિઓને એકીકૃત કરવા અને વિવિધ પ્રશ્નો કે જે બાળકોને જટિલ વિચારસરણી અને સમસ્યા-ઉકેલ કરવાની ક્ષમતા વિકસાવવા માટે પ્રોત્સાહિત કરે છે. વધુમાં, આ પ્રવૃત્તિ પુસ્તકને બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જરૂરી સંવેદનશીલતા વિકસાવવા માટે ભરપુર પ્રવૃત્તિઓ સાથે તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રવૃત્તિ પુસ્તિકા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો NEP 2020 ની ભલામણો અનુસાર શીખવાની શિક્ષણ સામગ્રીમાં સ્થાનિક પરિપ્રેક્ષ્ય સાથે વધુ ગુણવત્તાસભર બનાવવા માટે પૂરતો અવકાશ પ્રદાન કરે છે.

NCERT પ્રારંભિક તબક્કા માટે આ અભ્યાસક્રમ અને અધ્યયન સામગ્રી વિકસાવવા માટે રચવામાં આવેલી સમિતિ દ્વારા કરવામાં આવેલી મહેનતની પ્રશંસા કરે છે. આ કાર્યને સમયસર અને પ્રશંસનીય રીતે પૂર્ણ કરવા બદલ હું આ સમિતિના અધ્યક્ષ પ્રોફેસર શશીકલા વણજારી અને અન્ય તમામ સભ્યોનો આભાર માનું છું. હું તમામ સંસ્થાઓનો પણ આભાર માનું છું. હું રાષ્ટ્રીય સંચાલન સમિતિના અધ્યક્ષ ડૉ. કે. કસ્તુરીરંગન અને માર્ગદર્શક જૂથ અને સમીક્ષા સમિતિ સહિત તેના અન્ય સભ્યોનો તેમના સમયસર અને મૂલ્યવાન સૂચનો માટે ખાસ આભારી છું, જે આ પ્રવૃત્તિ પુસ્તકની કલ્પના અને વિકાસમાં ખૂબ જ મૂલ્યવાન છે.

ભારતમાં શાળા શિક્ષણના સુધારા માટે અને તમામ શિક્ષણ અને શિક્ષણ સામગ્રીની ગુણવત્તામાં સતત સુધારો કરવા માટે પ્રતિબદ્ધ સંસ્થા તરીકે, NCERT આ શિક્ષણ સામગ્રીને સુધારવા માટે તેના તમામ લાભાર્થીઓના મૂલ્યવાન સૂચનોને આવકારે છે.

(દિનેશ પ્રસાદ સકલાણી)

ડાયરેક્ટર, NCERT

27 જાન્યુઆરી 2023

નવી દિલ્હી

© NCERT not to be republished

# નિર્માણકર્તા

**સલાહકાર**

દિનેશ પ્રસાદ સકલાની, ડાયરેક્ટર NCERT, નવી દિલ્હી

**માર્ગદર્શન**

શશિકલા વણજારી, ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર, SNDT મહિલા યુનિવર્સિટી, મુંબઈ, અધ્યક્ષ, અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક વિકાસ સમિતિ, મહારાષ્ટ્ર.

સુનિતિ સનવાલ, હેડ ડીઇઇ, એનસીઈઆરટી, સભ્ય કન્વીનર, અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક વિકાસ સમિતિ

**સહભાગી**

રોમિલા સોની, એસોસિયેટ પ્રોફેસર, DEE, NCERT,

ભરત ધોકાઈ, નિયામક વિદ્યાપીઠ, ગાંધીધામ, ગુજરાત

દિવ્યાંશુભાઈ દવે, ડીજી & વીસી, ચિલ્ડ્રન યુનિવર્સિટિ, ગાંધિનગર, ગુજરાત

**સમીક્ષક**

એમ.સી. પંત, પ્રોફેસર & ચાન્સેલર, NIEPA, નવી દિલ્હી

સુનિતિ સનવાલ, હેડ ડીઇઇ, એનસીઈઆરટી, સભ્ય કન્વીનર, અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક વિકાસ સમિતિ

કે મયુરી, પ્રોફેસર (નિવૃત્ત), હ્યુમન ડેવલપમેન્ટ એન્ડ ફેમિલી સ્ટડીઝ, કોલેજ ઓફ ઈન્ડિયા, કોમ્યુનિટી સાયન્સ, PJTSAU. હૈદરાબાદ

રીટા સોનાવત, ભૂતપૂર્વ ડીન, ફેકલ્ટી ઓફ હોમ સાયન્સ, SNDT મહિલા યુનિવર્સિટી, મુંબઈ, મહારાષ્ટ્ર

જોબી બાલકૃષ્ણન, પ્રાથમિક શિક્ષક, કેરળ

અનૂપ રાજપૂત, હેડ, પબ્લિકેશન્સ વિભાગ, એન સી ઈ આર ટી

પદ્મા યાદવ, પ્રોફેસર, DEE, NCERT

રંજના અરોરા, હેડ, અભ્યાસક્રમ અભ્યાસ વિભાગ, NCERT

જ્યોત્સના તિવારી, જેન્ડર સ્ટડીઝ વિભાગના હેડ, NCERT

ભારતી કૌશિક, એસો. પ્રોફેસર અને હેડ DICT એન્ડ T.CIET,NCERT

**શૈક્ષણિક સંયોજક**

રોમિલા સોની, એસોસિયેટ પ્રોફેસર, DEE, NCERT,

**અનુવાદક**

ડૉ. સુરેશ મકવાણા, આસિસ્ટન્ટ પ્રોફેસર, RIE-Bhopal
ડૉ. નિલેશ ચાપાનેરી, સિનિયર લેક્ચરર, DIET-Amreli
ડૉ. સંજય ત્રિવેદી, રીસર્ચ એસોસીએટ, GCERT-Gandhinagar
નટવરસિંહ પરમાર, હેડ ટીચર, Timba Primary School
કંદર્પકુમાર જોષી, BRC-Kapadvanj

© NCERT not to be republished

## ઋણસ્વિકાર

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) અધ્યક્ષ અને સભ્યોની રાષ્ટ્રીય સંચાલન સમિતિ (NSC) અને માર્ગદર્શક જૂથના સભ્યોના માર્ગદર્શન અને સમર્થનને કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારે છે.

અભ્યાસક્રમ અને LTM સમિતિના અધ્યક્ષ અને સભ્યોને તેમના સતત સમર્થન માટે આભાર.

પરિષદ, મૌસમી બોઝ, ભુતપુર્વ મુખ્ય શિક્ષિકા અને સંયોજક, સલવાન પબ્લિક સ્કૂલ, ગુડગાંવ બાલવાટિકા માટેના "આનંદ પ્રવૃત્તિ પુસ્તક" માં યોગદાનને સ્વીકારે છે.

પરિષદ, દીક્ષા દિવાન, કન્સલ્ટન્ટ ડીઇઇ, એનસીઈઆરટી અને અમનદીપ કૌર, પીએચડી સ્કોલર અને ઇન્ટર્ન દિલ્હી યુનિવર્સિટી દ્વારા પૂરા પાડવામાં આવેલ સમર્થનને સ્વીકારે છે.

પરિષદ નીચેના સહયોગિઓનો આભાર માને છે:
રાજીવ પાહુજા, ગ્રાફિક ડિઝાઇનર, મોહમ્મદ રકીબ, કલર આર્ટિસ્ટ, રૂબિના અંસારી, ગ્રાફિક આર્ટિસ્ટ, સાયના અંસારી, પેન્સિલ આર્ટિસ્ટ, ચંચલ ચૌહાણ, આસિસ્ટન્ટ એડિટર, NCERT, સચિન તંવર, DTP ઓપરેટર, NCERT, વિવેક મંડલ, ગ્રાફિક ડિઝાઇનર, NCERT, ચંચલ રાની, LDC, DEE, NCERT, અભિષેક પાંડે, ટાઇપિસ્ટ, DEE, NCERT પવન કુમાર, DTP ઓપરેટર, DEE, NCERT પબ્લિકેશન ડિવિઝન, NCERTના પ્રયાસોનો ઋણસ્વિકાર કરવામાં આવે છે.

© NCERT not to be republished

# **પ્રવૃત્તિ પુસ્તિકા અંગે**

પ્રારંભિક તબક્કો, જેમાં 3 થી 8 વર્ષની વયના બાળકોનો સમાવેશ થાય છે. બાળકની આ વય અત્યંત મહત્વપૂર્ણ છે અને આ સમયગાળામાં મગજનો વિકાસ વ્યક્તિના જીવનના અન્ય કોઈપણ સમય કરતાં વધુ ઝડપથી વિકાસ પામે છે. તંદુરસ્ત મગજના વિકાસ માટે, બાળકોને વિકાસના તમામ ક્ષેત્રોને પહોંચી વળવા માટે હકારાત્મક અનુભવોની જરૂર છે. સકારાત્મક અને આયોજિત અનુભવો નાના બાળકોના ભાવિ શિક્ષણ, તેમના સ્વાસ્થ્ય, તેમના વર્તન અને પછીના જીવનમાં સફળતા માટે પાયો બનાવશે. રોજિંદા રમતિયાળ અનુભવો નાના બાળકના મગજને આકાર આપે છે. બાલવાટિકા માટે "આનંદ પ્રવૃત્તિ પુસ્તક"માં આદર્શ પ્રવૃત્તિઓ (કુલ 92) દ્વારા સમજાવવામાં આવ્યું છે.

આ તબક્કે બાળકોને શીખવામાં મદદ કરવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે તેઓ તેમની ઉંમર અને વિકાસના સ્તર અનુસાર 'સરળથી જટિલ', 'અપરિચિતથી પરિચિત' અને 'અમૂર્ત વિચારો' સુધી પહોંચવા માટે નક્કર અનુભવો પર આધારિત રમત આધારિત પ્રવૃત્તિઓ કરે છે. શિક્ષકો અને પુખ્ત વયના વ્યક્તિઓની ભૂમિકા, વય અને વિકાસની દૃષ્ટિએ યોગ્ય રમત-આધારિત પ્રવૃત્તિઓ અને અનુભવો પ્રદાન કરવાની છે. આ પ્રવૃત્તિઓ દ્વારા અનુસરવામાં આવેલા વાસ્તવિક અનુભવો વ્યવહારુ સ્વરૂપમાં હશે. હેતુપૂર્વક આયોજિત પ્રવૃત્તિ બાળકોને વિવિધ ક્ષમતાઓની સમજ મેળવવા અને તેમની પાયાની કુશળતાને મજબૂત કરવામાં મદદ કરશે.

જ્યારે શીખવું એ આનંદની વાત હોય ત્યારે બાળક શ્રેષ્ઠ શીખે છે. તેથી કોઈપણ કાર્ય કરતી વખતે બાળકોને સ્વતંત્રતા અને સુગમતા પ્રદાન કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. બાલવાટિકા માટે સારી રીતે તૈયાર કરેલ સંકલિત પ્રવૃત્તિઓ બાળકોને અભ્યાસ, ચર્ચા અને સરળ પ્રવૃત્તિઓ દ્વારા શીખવાની તક આપે છે. પરંપરાગત શિક્ષકની આગેવાની હેઠળના વર્ગખંડોને બદલે નક્કર અનુભવ (પ્રવૃત્તિનો ઉપયોગ કરતા પહેલા) અને સ્થાનિક રીતે ઉપલબ્ધ સામગ્રી અને કુદરતી સંસાધનોના ઉપયોગને પ્રોત્સાહન આપે છે. આ પ્રવૃત્તિઓ બાળકોને તેમની દ્રશ્ય સ્મૃતિઓ અને ભૂતકાળના અનુભવોને વર્ગખંડમાં શીખેલા ખ્યાલો સાથે જોડવાની તક પૂરી પાડશે.

ગુણવત્તાલક્ષી પરિણામોને પ્રતિબિંબિત કરવા અને આનંદકારક શિક્ષણ માટે વિવિધ ક્ષમતાઓ ધરાવતા બાળકોને તકો પૂરી પાડવા માટે આદર્શ પ્રવૃત્તિઓ વિકસાવવામાં આવી છે. NEP 2020 દ્વારા સૂચવ્યા મુજબ, શિક્ષણનો હેતુ માત્ર વિષયવસ્તુના જ્ઞાનને બદલે સર્વાંગી વિકાસનો છે. પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન તેમજ તાર્કિક વિચારસરણી, સમસ્યા-ઉકેલ, સંદેશાવ્યવહાર કૌશલ્ય, સર્જનાત્મકતા, સહાનુભૂતિ વગેરે દ્વારા વિકસીત મગજ સંવર્ધન કરવું એ સમયની જરૂરિયાત છે. તેથી શિખવા-શીખવાની શિક્ષણ સામગ્રીની રચનામાં સુધારેલા અભિગમનો સ્વિકાર જરૂર છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા-ફાઉન્ડેશનલ સ્ટેજ (NCF-FS 2022) વિકાસના તમામ ક્ષેત્રોને સંકલિતમાં કરવા પર ખૂબ મહત્વ આપે છે. બાળકો માટે શૈક્ષણિક સામગ્રી અને દ્રશ્યાત્મક ચિત્રો તૈયાર કરવા માટે 'પંચકોષ' (NCF-FS)માં જણાવ્યા મુજબ બાળકનો શારીરિક વિકાસ (અન્નમય કોશ), જીવન ઉર્જા (પ્રાણમય કોશ), ભાવનાત્મક વિકાસ (મનોમય કોશ), જ્ઞાનાત્મક વિકાસ (વિજ્ઞાનમય કોશ), આનંદ (આનંદમય કોશ) એક જ સમયે પૂર્ણ કરી શકાય છે.

© NCERT not to be republished

આ પ્રવૃત્તિઓ બાળકો માટે શાળાતત્પરતાને પ્રોત્સાહન આપશે અને ઔપચારિક શાળા પ્રણાલીમાં પ્રવેશવા માટે જરૂરી મૂળભૂત ભાષા અને જ્ઞાનાત્મક કૌશલ્યોથી વાકેફ કરે છે. બાળકોએ અગાઉથી પ્રાપ્ત કરેલ કૌશલ્યો દ્વારા વય આધારિત પ્રવૃત્તિઓ કરવામાં મદદ કરશે. આ પ્રવૃત્તિઓ બાળકોને સ્વસ્થ અને સલામત ટેવો વિકસાવવામાં અને તેનો અભ્યાસ કરવામાં, સંવેદનાત્મક ધારણાઓને વધારવા, સ્વસ્થ અને લવચીક શરીર બનાવવા, ભાવનાત્મક બુદ્ધિ, તાર્કિક વિચારસરણી અને કલા દ્વારા અભિવ્યક્તિ વિકસાવવામાં મદદ કરશે.

આ પ્રવૃત્તિઓ બાળકોને ઉત્તમ સાંવેગિક કૌશલ્ય, તાર્કિક વિચારસરણી વિકસાવવામાં અને પોતાની જાતે શીખવામાં મદદ કરશે. આ ઉદાહરણરૂપ પ્રવૃત્તિઓ ક્ષમતાઓ પર આધારિત છે. તેમાં વિચારપ્રેરક પ્રશ્નો છે, જે શિક્ષક અથવા માતાપિતા બાળકની સમજણનું મૂલ્યાંકન કરવા માટે કહી શકે છે (NCF-FS, 2022 માં દર્શાવ્યા મુજબ).

<u>પ્રવૃત્તિઓનો ઉપયોગ કેવી રીતે કરવો (શિક્ષકો માટે):</u>

- બાલવાટિકા માટેની વર્કશીટ (તમામ પાંચેય ક્ષેત્રને આવરી લેતી) એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે તેને વર્ગખંડમાં કે તાલીમ દરમિયાન ઉપયોગ માટે સરળતાથી કાપી શકાય છે. વર્કશીટને પ્રવૃત્તિ પુસ્તકમાંથી કાપી શકાય છે અને પછીથી પોર્ટફોલિયોમાં મૂકી શકાય છે. જે શિક્ષકો/વાલીઓને બાળકોના કાર્યનું મૂલ્યાંકન કરવામાં પણ મદદ કરશે. આનાથી બાળકોને એક જ વર્કશીટ પર કામ કરવામાં અને ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ મળશે. અન્ય વર્કશીટની પ્રવૃત્તિઓથી વિચલિત નહીં થાય.
- વિવિધ ક્ષેત્રોનું સર્વગ્રાહી શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે સમાન વર્કશીટ બનાવી શકાય છે.
- વર્કશીટ્સને ઉદાહરણ તરીકે લઈ શકાય છે તેના આધારે શિક્ષકો સંકલ્પનાના આધારિત વધુ મહાવરા કરાવી શકે છે. ઉદાહરણ તરીકે વર્કશીટ પર આપેલ પ્રવૃત્તિ જેમ કે, સંખ્યા ઘટાડીને, આકાર બદલીને વગેરેમાં ફેરફાર કરી ઉપયોગમાં લઇ શકાય.
- વર્કશીટ્સનો ઉપયોગ કરતી વખતે સ્થાનિક સંસાધનો અને સામગ્રીનો ઉપયોગ કરી શક્ય હોય ત્યાં પ્રકૃતિની ખ્યાલોનો સમાવેશ કરવો. ઉદાહરણ તરીકે પાંદળાઓ સાથે પેટર્ન બનાવવી, સૂકા ફૂલો, ડાળીઓ વગેરે વડે રંગોળી બનાવવી વગેરે.
- સ્થાનિક પરિસ્થિતિ મુજબ વાસ્તવિક/નક્કર વસ્તુઓ, વાર્તાઓ અને ઉદાહરણોનો ઉપયોગ કરવો અને તેને બાળકના જીવન સાથે સાંકળવા માટે સંદર્ભ લેવો. ઉદાહરણ તરીકે, લોકગીતો, પ્રાદેશિક જોડકણાં/ગીતો ઉમેરવા, પ્રાણીઓ પર વર્કશીટ બનાવતા પહેલા બાળકોને તેમના આસપાસના અથવા પ્રાણી સંગ્રહાલયમાં જોવા મળતા પ્રાણીઓ, તેમના ઘરે પાલતુ પ્રાણીઓ વગેરે વિશે પૂછો, જેથી કરીને બાળકો તેમના નક્કર અનુભવોને શિક્ષણ સાથે જોડી શકે.
- વર્કશીટ શિક્ષકને પ્રવૃત્તિના અંતે ઔપચારિક મૂલ્યાંકનને બદલે રચનાત્મક રીતે બાળકના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવામાં મદદ કરશે. વર્ગમાં/ચર્ચા દરમિયાન પ્રદર્શન કરતી વખતે બાળકોનું અવલોકન કરશે અને શીખવાની ક્ષતિને ઓળખશે અને તે મુજબ શિખવાની તક પુરી પાડશે.
- બાળકની સર્જનાત્મકતા અને સ્વતંત્રતાને પ્રોત્સાહિત કરવી, વર્કશીટ્સ કરતાં પહેલા બાળકોને વર્કશીટની ચકાસણી અને અનુભવ કરવાની મંજૂરી આપો, બાળકોને ખ્યાલોની આસપાસ તેમના પોતાના વિચારો વ્યક્ત કરવાની તક આપો.
- દરેક બાળકને પોતાની ગતિએ શિખવા દો.

© NCERT not to be republished

- ઈન્ટરેક્ટિવ ક્લાસરૂમ બનાવીને સામાજિક અને ભાવનાત્મક વિકાસને પ્રોત્સાહન આપવું. શક્ય હોય તેટલું સહપાઠી શિક્ષણ (પિઅર લર્નિંગ) અને શિક્ષક-બાળકની શિખવા-શિખવવાની પ્રક્રિયાઓને પ્રોત્સાહિત કરવી.
- બાળકો માટે મૈત્રીપૂર્ણ, પ્રશંસાત્મક અને હકારાત્મક સુદ્રઢક શબ્દોનો ઉપયોગ કરી તેમને મૈત્રીપૂર્ણ અનુભવ કરાવવા. ઉદાહરણ તરીકે, બાળકો દ્વારા બનાવેલા ચિત્રો, કોલાજ વર્ક વર્ગખંડની દિવાલો, બાલવાટિકા કોરિડોર/વરંડા વગેરેમાં રજૂ કરે ત્યારે તેમને અનુભવ કરાવવો.
- ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકો માટે આ વર્કશીટ્સમાં વિશેષ જોગવાઈ કરવી. ઉદાહરણ તરીકે, બાળકોને લેખનનાં સાધનો રાખવામાં સમસ્યા હોય તો સ્ટેમ્પનો ઉપયોગ કરવાની છૂટ આપવી, ચિત્રોનું ઓડિયો વર્ણન આપવું વગેરે.
- બાળકોને સકારાત્મક આદતો વિકસાવવા માટે તેમનો સામાન નિશ્ચિત જગ્યાએ રાખવા માટે પ્રોત્સાહિત કરો. ઉપરાંત, તેમને વપરાયેલી વસ્તુઓ (પેઈન્ટ્સ, બ્રશ, બ્લોક્સ વગેરે) પાછી મૂકવા માટે કહો.
- વર્કશીટ પૂર્ણ કર્યા પછી એક પ્રવૃત્તિમાંથી બીજી પ્રવૃત્તિ તરફ જતાં પહેલા જોડકણાં અને ગીતોનું પુનરાવર્તન કરવાનું ચાલુ રાખો અને સંકલન અને લવચીક શરીરની હિલચાલને સુનિશ્ચિત કરવા માટે જ્યારે પણ શક્ય હોય ત્યારે અભિનય અને ક્રિયાઓનો સમાવેશ કરવો.

આ સાહિત્યનો હેતુ શિક્ષકો/વાલીઓને ઉદાહરણિય વિચાર આપવાનો છે. આ સાહિત્ય કોઈપણ રીતે સંપૂર્ણ/નિર્ધારિત પાઠ્યપુસ્તક નથી. તે બાળકોના સંદર્ભ અને જરૂરિયાતોને આધારે તેમાં ફેરફાર કરવાની, ઉમેરવા અથવા સુધારવાની સ્વતંત્રતા પૂરી પાડે છે. આ વર્કશીટ્સ કરતી વખતે ઘર અને વર્ગખંડના શબ્દભંડોળ વચ્ચે જોડાણો સ્થાપિત કરવાના હોય છે અને આનંદની ભાવના પેદા કરવાની હોય છે.

© NCERT not to be republished

# <u>અનુક્રમણિકા</u>


| વિષયવસ્તુ | પાના નંબર |
|---|---|
| પ્રસ્તાવના | |
| નિર્માણકર્તા | |
| ઋણસ્વિકાર | |
| પ્રવૃત્તિ પુસ્તિકા અંગે | |
| વર્કશીટ્સ દ્વારા મદદ | |
| બાળકો માટે વર્કશીટ્સ | |


© NCERT not to be republished

## <u>વર્કશીટ્સ દ્વારા મદદ</u>

વર્કશીટ કરતી વખતે બાળકોને મદદ કરવા શિક્ષકો માટે નીચેની નોંધ આપવામાં આવી છે; જો કે બાળકોની જરૂરિયાતો અને રુચિને આધારે આમાં ફેરફાર કરી શકાય છે. વર્કશીટમાં ચોક્કસ ડિઝાઇન/તરાહ(પેટર્ન) આપેલી છે. એકવાર બાળક વર્કશીટ પૂર્ણ કરે પછી તેને ડિઝાઇન/પેટર્ન પૂર્ણ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે.

## <u>બાલકો માટે વર્કશીટ</u>

### <u>પ્રવૃત્તિ 1: મારી ચિત્ર ફ્રેમ</u>

બાળકોને તેમના ચહેરાના ભાગો દોરવા અને તેમાં મિણિયા કલર પુરવા માટે પ્રોત્સાહિત કરો, પછી તેમને તેમના ચિત્રની ફ્રેમ બનાવવા માટે આપવામાં આવેલ પેટર્નને પૂર્ણ કરાવો.

### <u>પ્રવૃત્તિ 2: મારા વિશે</u>

બાળકોને પોતાના અને તેમના પરિવાર વિશે વાત કરવા દો. બાળકોને આપેલી જગ્યામાં તેમના પરિવારનું ચિત્ર ચોંટાડવાનું કહો, પછી બાળકને બાકી રહેલી જગ્યામાં તેમના મનપસંદ આકાર દોરી તેમાં મનપસંદ રંગ પુરવા માટે પ્રોત્સાહિત કરો. બાળકોને અભિનય સાથે <u>"મારા વિશે"</u> જોડકણાં ગવડાવો અને ગાવા દો.

### <u>પ્રવૃત્તિ 3 પોતની જાતને સમજવી</u>

બાળકોને એ સમજવામાં મદદ કરો કે તેઓ પરિવારનો ભાગ છે. દરેક સભ્ય તેમના પરિવારમાં અલગ-અલગ ભૂમિકા ભજવે છે. બાળકો સાથે તેમના કૌટુંબિક મૂલ્યો અને પરંપરાઓને અનુસરવા ચર્ચાઓનું આયોજન કરો.

### <u>પ્રવૃત્તિ 4: મારો પરિવાર અને મારા મિત્રો</u>

બાળકોને ચિત્ર જોવા દો અને તેના વિશે વાત કરવા કહો. ઉદાહરણ તરીકે, પ્રશ્નો પૂછો, જેમ કે ચિત્રમાં શું થઈ રહ્યું છે? એકવાર બાળકોએ ચિત્ર જોયા પછી, તેમને તેના વિશે વિગતવાર વાત કરવા દો. પછી બાળકોને તાર્કિક પ્રશ્નો પૂછો, ઉદાહરણ તરીકે તમે કોઈના ઘરે તમારા માતા-પિતા સાથે જાઓ છો? જ્યારે તમે કોઈના ઘરે જાઓ છો ત્યારે તમે તેમનું અભિવાદન કેવી રીતે કરો છો? તમને કોના ઘરની મુલાકાત સૌથી વધુ ગમે છે? જો કોઈ તમને તમારો પરિચય આપવાનું કહે, તો તમે શું કહેશો? તમને શું લાગે છે કે છોકરી મહેમાનોને શું કહી રહી છે? વિવિધ વિષયો પર સમાન ચિત્રો-પોસ્ટરો તમે તૈયાર કરી શકો છો. ચિત્ર જોયા પછી, બાળકોને મહેમાનોની સંખ્યા, ચિત્રમાં કુલ વ્યક્તિઓની સંખ્યા ગણવા અને કપડાંની સમાન પેટર્ન ઓળખવા કહો.

### <u>પ્રવૃત્તિ 5: સમાન વસ્તુની શોધ</u>

બાળકોને દરેક હરોળમાંની વસ્તુઓને ઓળખવા અને નામ આપવા કહો. પછી તેમને ડાબી બાજુના બોક્સમાં આપેલા ચિત્ર સાથે સમાન દેખાતું ચિત્ર શોધવા અને તેને રંગ પુરવા કહો. બાળકોને ટપકાંના રંગ જેવા જ રંગનો ઉપયોગ કરીને ડોટેડ લીટીઓ જોડવાનું કહો.

© NCERT not to be republished

**<u>પ્રવૃત્તિ 6: પક્ષી પુર્ણ કરો</u>**

વર્કશીટ પર પક્ષીનો આકાર છે. બાળકોને ટપકા જોડી પક્ષીને પૂર્ણ કરવા કહો. પછી તેમાં રંગ પુરવા અથવા પક્ષીમાં કાગળ ફાડીને તેમાં ચોંટાડવાનું કહો. પક્ષી શબ્દનો પ્રારંભિક અવાજ બોલવા માટે તેમને પ્રોત્સાહિત કરો અને તેઓ તેમની આસપાસના પર્યાવરણમાં જે સામાન્ય પક્ષીઓ જુએ છે તેમના નામ બોલવા માટે કહો.

**<u>પ્રવૃત્તિ 7: મારી પાંચ ઇંદ્રિયો</u>**

બાળકને દરેક પંક્તિમાંની વસ્તુઓને ઓળખવા દો અને પછી જમણી બાજુના બોક્સમાં ઈન્દ્રિય અંગો સાથે જોડવા કહો. બાળકને ઈન્દ્રિય અંગો વિશે સમજી તેના પર વાત કરવા અને જોડકણું બનાવવા માટે પ્રોત્સાહિત કરો.

**<u>પ્રવૃત્તિ 8: મને અને મારી શાળાને સ્વચ્છ રાખવી</u>**

બાળકને એ સમજવામાં મદદ કરો કે આપણી જાતને અને આપણી આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખવું જરૂરી છે. જેથી આપણે જંતુઓથી મુક્ત રહીએ અને આપણી આસપાસની દરેક વસ્તુ સુંદર દેખાય. વર્ગખંડ અને શાળામાં દરેક વસ્તુ કેવી રીતે સ્વચ્છ અને વ્યવસ્થિત હોવી જોઇએ? તે વિશે તેમની સાથે વાત કરો. બાળકે ઉપર આપેલા બે ચિત્રો સાથે શરીર અને શાળાની સફાઈ માટે વપરાતી યોગ્ય વસ્તુઓને જોડવા કહો.

**<u>પ્રવૃત્તિ 9: મારી આસપાસના પ્રાણીઓ અને પક્ષીઓ</u>**

વર્ગખંડમાં <u>"હું તો સુઇ રહી તી"</u> ગીત અભિનય સાથે બાળકોને કરાવો. બાળકોને પ્રાણીઓ અને પક્ષીઓના નામ અને અવાજો સાથે જોડવા અને ગીત ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરો. બાળકોને સહેલાઈથી ઉપલબ્ધ સામગ્રી સાથે પ્રાણીઓ, પક્ષીઓના ફ્લેશકાર્ડ અથવા કઠપૂતળી બનાવવામાં સામેલ કરો. તેઓને પ્રાણીઓ, પક્ષીઓના ફ્લેશકાર્ડ અથવા કઠપૂતળીનો ઉપયોગ કરીને વાર્તા/જોડકણું બનાવવા માટે કહો.

**<u>પ્રવૃત્તિ: 10 મને લાગણીઓ છે</u>**

બાળકને એ સમજવામાં મદદ કરો કે આપણા બધાની લાગણીઓ છે, પરંતુ આપણી લાગણીઓનો સામનો કરવાનું શીખવું એ મહત્વપૂર્ણ છે. બાળકને સમાન અભિવ્યક્તિઓ સાથે યોગ્ય લાગણીવાળા ચહેરા સાથે જોડવા માટે કહો. કેટલીક પ્રવૃત્તિઓ કરો કે જે તેમને તેમની લાગણીઓનો સામનો કરવાનું શિખવામાં મદદ કરશે.

**<u>પ્રવૃત્તિ 11: તંદુરસ્ત આહાર</u>**

તંદુરસ્ત અને બિનઆરોગ્યપ્રદ ખોરાકની આદતોની ચર્ચા કરો. બાળકોને દરેક ખાદ્ય પદાર્થને ઓળખવા અને નામ આપવા માટે પ્રોત્સાહિત કરો. બાળકોને પૂછો કે તેઓ દિવસમાં મોટાભાગે શું ખાય છે? પછી બાળકને દરેક હરોળમાં તંદુરસ્ત ખોરાકનું વર્તુળ કરવાનું કહો.

**<u>પ્રવૃત્તિ 12: હું જાણું છુ તે પ્રાણીઓ</u>**

© NCERT not to be republished

બાળકોને તેઓ જાણતા હોય અને તેમના નજીકના વાતાવરણમાં જોયા હોય તેવા પ્રાણીઓ વિશે વાત કરવા દો. બાળકને દરેક પ્રાણીને ઓળખવા અને નામ આપવા દો. તેના અવાજો કાઢવા દો. પછી બાળકને દરેક પ્રાણી પર તર્જની આંગળી મુકવા અને તેના નામનો પ્રારંભિક અવાજ કાઢવાનુ કહો. તેમને પીળા બિંદુથી પ્રાણીઓને શોધવાનું શરૂ કરવા કહો, તીરને અનુસરો અને લાલ બિંદુ પર સમાપ્ત કરો. જ્યારે બાળકો  બિંદુઓને  જોડતા હોય ત્યારે તેમને પ્રાણીઓના ખોરાકનું અવલોકન કરવા પ્રોત્સાહિત કરો. તેમને વિચારવા દો કે સિંહને શું ખાવાનું ગમે છે.

### **પ્રવૃત્તિ 13: જુદુ પડતું અલગ તારવો**

બાળકોને દરેક હરોળમાં ચિત્રો ઓળખવા અને નામ આપવા દો. દરેક હરોળમાં જુદા પડતા (વિષમ) એક ચિત્ર પર વર્તુળ કરવા અને પછી ટપકાંવાળી રેખાઓને જોડવા કહો.

### **પ્રવૃત્તિ 14 મોટી કે નાની વસ્તુ**

બાળકોને મોટી અને નાની વસ્તુઓ, જેમ કે મોટી અને નાની છત્રીઓ, દડાઓ ઓળખવા તથા નામ આપવા કહો. પછી તેમને મોટા પદાર્થમાં લાલ અને નાના પદાર્થમાં વાદળી રંગ પુરવા કહો.

### **પ્રવૃત્તિ 15: આકારોને જોડો**

બાળકોને રેખા દોરીને આકારોને ઓળખવા અને જોડવા કહો. પછી તેમના મનપસંદ રંગીન કાગળને આકારમાં ફાડીને ચોંટાડવા કહો.

### **પ્રવૃત્તિ 16: હું જાણું છુ તે પ્રાણીઓ**

બાળકોને તેઓ જાણતા હોય અને તેમના નજીકના વાતાવરણમાં જોયા હોય તેવા પ્રાણીઓ વિશે વાત કરવા દો. બાળકને દરેક પ્રાણીને ઓળખવા અને નામ આપવા દો. તેના અવાજો કાઢવા દો. પછી બાળકને દરેક પ્રાણી પર તર્જની આંગળી મુકવા અને તેના નામનો પ્રારંભિક અવાજ કાઢવાનુ કહો. તેમને પીળા બિંદુથી પ્રાણીઓને શોધવાનું શરૂ કરવા કહો, તીરને અનુસરો અને લાલ બિંદુ પર સમાપ્ત કરો. જ્યારે બાળકો  બિંદુઓને  જોડતા હોય ત્યારે તેમને પ્રાણીઓના ખોરાકનું અવલોકન કરવા પ્રોત્સાહિત કરો. તેમને વિચારવા દો કે સિંહને શું ખાવાનું ગમે છે.

### **પ્રવૃત્તિ 17: શાળાએ જતા પહેલા જે હું કરુ છું**

બાળકોને ચિત્રો જોવા દો.  ચિત્રોને યોગ્ય ક્રમમાં નંબર આપો. તેમને દરેક ચિત્રમાંની ક્રિયાનું વર્ણન કરવા કહો. છેલ્લા ખાનામાં તેમની શાળા દોરવા માટે તેમને પ્રોત્સાહિત કરો. તમે બાળકોને દરેક ચિત્ર કાપીને યોગ્ય ક્રમમાં ગોઠવવા અને ગોઠવણીનું વર્ણન કરવા કહી શકો છો.

### **પ્રવૃત્તિ 18 મારો મનપસંદ ખોરાક**

© NCERT not to be republished

બાળકોને અભિનય સાથે ગીત ગાવામાં મદદ કરો. તેમના મનપસંદ ખોરાક વિશે વાત કરો અને પહેલા કરવામાં આવેલ વર્કશીટ 11 'તંદુરસ્ત આહાર'ને વર્કશીટ 18 અને 19 સાથે જોડો. છોડ આપણને કેવી રીતે મદદ કરે છે, છોડમાંથી આપણને શું ખોરાક મળે છે વગેરે.

**પ્રવૃત્તિ 19: આકારોને રંગ કરો**

બાળકોને વર્કશીટ સમજાવો. તેમને ઓળખવા માટે પ્રોત્સાહિત કરો અને સૂચનોમાં દર્શાવ્યા મુજબ આકારોના નામ આપવા તથા આકારોમાં રંગ પુરવા કહો. બધા ત્રિકોણમાં પીળો રંગ, ચોરસમાં લીલો અને વર્તુળોમાં વાદળી રંગ પુરવા કહો.

**પ્રવૃત્તિ 20: સુરક્ષિત રહો**

બાળકોને સલામત અને અસુરક્ષિત પરિસ્થિતિ સમજવામાં મદદ કરો. આવી પરિસ્થિતિમાં તેઓએ શું કરવું જોઈએ તેની ચર્ચા કરો. તેઓ ડરે નહીં તેનું ધ્યાન રાખો. દરેક બાળકને સુરક્ષા અને સલામતિનો વિશેષ અનુભવ થવા દો. તેઓ પોતાને કેવી રીતે સુરક્ષિત રાખી શકે તે વિશે પણ વાત કરો. તેમને વિવિધ હેલ્પલાઇન નંબરો વિશે જણાવો. આ વર્કશીટમાં, તેમને ચિત્રોનું અવલોકન કરવા કહો અને ચિત્રો અનુસાર સલામત અને અસુરક્ષિત ચિત્ર પર ટિક કરવા કહો.

**પ્રવૃત્તિ 21: તફાવતો શોધો અને વર્તુળ કરો**

બાળકોને બંને ચિત્રો જોવા દો. બન્ને ચિત્રો વચ્ચેના તફાવતો શોધી તેના પર વર્તુળ કરવા કહો. વિવિધ થીમ પર બાળકો માટે સમાન વર્કશીટ તૈયાર કરી શકો છો.

**પ્રવૃત્તિ 22: પેટર્ન શોધો અને રંગ પુરો**

બાળકોને પેટર્ન જોવા દો અને પેટર્નમાં રંગ પુરો. તેમને પેટર્નનું વર્ણન કરવા પ્રોત્સાહિત કરો. ઉદાહરન તરીકે, સફરજન-કેળા-સફરજન-કેળા અને ફરીથી સફરજન વગેરે.

**પ્રવૃત્તિ 23: આકાર સાથે બનાવો**

વર્કશીટમાં ટોચ પર કેટલાક આકારો દોરવામાં આવ્યા છે. બાળકોને આ આકારોનો ઉપયોગ કરીને આકૃતિઓ, ડિઝાઇન અથવા તરાહ (પેટર્ન) બનવવા પ્રોત્સાહિત કરો. પછી તેમની તરાહ (પેટર્ન), ડિઝાઇન અથવા આકૃતિમાં રંગ પુરવા કહો.

**પ્રવૃત્તિ 24. મારા સર્જનાત્મક વર્તુળો**

વર્કશીટમાં 6 (છ) વર્તુળોની રુપરેખા છે અને અને બાળકોને આપેલા વર્તુળોમાંથી તેમની પસંદગીનું કંઈપણ દોરવા માટે પ્રોત્સાહિત કરવા. એક વર્તુળ ઉદાહરણ તરીકે આપવામા આવેલુ છે.

**પદ્ધતિ 25: મારા રમકડાં (ચિત્ર વાચન)**

© NCERT not to be republished

બાળકોને ચિત્રનું અવલોકન કરવા અને તેના વિશે વાત કરવા કહો. તમે ચિત્ર પરથી વાર્તા બનાવી શકો છો. બાળકોને રમકડાંને ઓળખવા અને નામ આપવા માટે કહો. તેમની ગણતરી કરો અને તેઓ જે રમકડાં રમે છે તેને નામ આપો વગેરે. વિના મૂલ્યની સામગ્રી અથવા પ્રકુતિમાં તેમની આસપાસ કોઈપણ સમયે સરળતાથી ઉપલબ્ધ  સામગ્રીનો ઉપયોગ કરીને રમકડા બનાવવામાં સામેલ કરો.

**<u>પ્રવૃત્તિ 26: મારૂ કોલાજ</u>**

બાળકો માટે અનુકૂળ કાતરનો ઉપયોગ કરીને બાળકોને જૂના અખબારો/મેગેઝિનોમાંથી શરીરની સ્વચ્છતા અને સ્વચ્છતા સંબંધિત તેમના મનપસંદ ચિત્રો કાપવા દો. તેમને આપેલા બોક્સમાં કોલાજના રૂપમાં આને ચોંટાડવાનું કહો. બાળકોને તેમના કોલાજમાં ચિત્રો વિશે પોતાની રીતે થોડીક લીટીઓ લખવા પ્રોત્સાહિત કરો.

**<u>પ્રવૃત્તિ 27: મારી આસપાસના પ્રાણીઓ અને પક્ષીઓ</u>**

વર્ગખંડમાં બાળકોને અભિનય સાથે "ચકલી ચિં ચિં કરે છે" ગીત ગવડાવો. બાળકોને પ્રાણીઓ અને પક્ષીઓના નામ અને અવાજો ઉમેરી ગીત ગાવનું ચાલુ રાખો. બાળકોને સરળતાથી ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને પ્રાણીઓ/પક્ષીઓના ફ્લેશકાર્ડ અથવા કઠપૂતળી બનાવવામાં સામેલ કરો. તેમને પ્રાણીઓના ફ્લેશ કાર્ડ અથવા કઠપૂતળીનો ઉપયોગ કરીને વાર્તા બનાવવા દો.

**<u>પ્રવૃત્તિ 28: જોડકણાંવાળા શબ્દો જોડો</u>**

બાળકોને ચિત્રોનું અવલોકન કરવા દો. તેમને ચિત્રોના નામ સાથે રેખાઓ દોરીને એકબીજા સાથે ચિત્રોને જોડવા કહો.

**<u>પ્રવૃતિ 29: જોડકણાંવાળા શબ્દો</u>**

બાળકોને ચિત્રોનું અવલોકન કરવા અને નામ આપવા કહો. તેમના નામ એકબીજા સાથે કેવી રીતે જોડાય છે? તેની ચર્ચા કરો. જો ચિત્રોના નામ પ્રાસમાં હોય તો હસતાં ચહેરામાં રંગ પુરાવા કહો અને જો ચિત્રોના નામ પ્રાસમાં ના હોય તો ઉદાસ ચહેરામાં રંગ પુરાવા કહો.

**<u>પ્રવૃત્તિ 30: વસ્તુઓની ગણતરી (સંખ્યા 1-10)</u>**

બાળકોને અવલોકન કરવા દો અને વસ્તુઓની સંખ્યા ગણવા દો. તેમને ઘેરી લો. દરેક બોક્સમાં સૂચવ્યા મુજબ વસ્તુઓની સંખ્યા પર વર્તુળ દોરવા કહો. ઉદા., દસ રોટલીઓને વર્તુળ કરો. અહીં બાળક માત્ર દસ રોટલીને વર્તુળ કરે તેવી અપેક્ષા છે.

**<u>પ્રવૃત્તિ 31: રસ્તો શોધો (ભુલ-ભુલામણી)</u>**

બાળકોને તેમની તર્જની આંગળી વડે માર્ગ શોધી કાઢવા કહો. સિયાને તેની ગાયને ગૌશાળામાં લઈ જવામાં મદદ કરો, પછી તેને રસ્તામાં જાડા રંગની પેન્સિલનો ઉપયોગ કરી જોડવા કહો.

**<u>પ્રવૃત્તિ 32: સૌથી મોટુ અને સૌથી નાનું</u>**

© NCERT not to be republished

બાળકોને સૌથી મોટી વસ્તુ પર લાલ રંગના અને સૌથી નાની વસ્તુમાં પીળા રંગનો કાગળને ફાડીને ચોંટાડવા માટે કહો.

**પ્રવૃત્તિ 33: તરાહ (પેટર્ન)ને અનુસરો**

બાળકોને તરાહ (પેટર્ન) જોવા દો. તેમને તેનું વર્ણન કરવા અને આપેલ જગ્યામાં સમાન તરાહ (પેટર્ન)ને અનુસરવા કહો.

**પ્રવૃત્તિ 34: અને 35: દોરવું અને સાચા નંબર સુધી પહોંચવું**

બાળકોને ગણતરી કરવા દો અને તેમની આંગળી વડે રસ્તાને જોડાવાનો મહાવરો કરાવો. આપેલ રસ્તામાં એક રેખા દોરી વર્તુળોની સાચી સંખ્યા સાથે જોડાવા કહો.

**પ્રવૃત્તિ 36: ચિત્ર પૂર્ણ કરો**

બાળકોને દરેક હરોળમાં (બોક્સમાં આપેલ છે તે મુજબ) ચિત્ર પૂર્ણ કરવા કહો. તમે મહાવરા માટે આવી જ બીજી અન્ય વર્કશીટ આપી શકો છો. જેમ કે ટ્રેનમાં આપેલ કોચની સંખ્યા ઉમેરવા વગેરે વગેરે.

**પ્રવૃત્તિ 37: સિંહ અને ઉંદર**

વાર્તા કાર્ડ બતાવો અને બાળકોને વાર્તા કહો. પછી પ્રશ્નો પૂછો જેમ કે, વાર્તા શેની છે? વાર્તા ક્યાં થઇ? વાર્તામાં શું સમસ્યા હતી? તમે ચિત્રોમાં કયા પ્રાણીઓ જોઈ રહ્યા છો? તમને વાર્તામાં શું ગમ્યું? શું તમે વાર્તાને બીજું શીર્ષક આપી શકો છો? પછી તેમને ટપકાવાળી લીટીઓ (બાળકો માટે અનુકૂળ કાતરનો ઉપયોગ કરીને) સાથે વાર્તા કાર્ડ કાપવા અને તેમને યોગ્ય ક્રમમાં ગોઠવવા અને તેમના પોતાના શબ્દોમાં વાર્તા ફરીથી કહેવા માટે પ્રોત્સાહિત કરો.

**પ્રવૃત્તિ 38 : શિકારી અને કબૂતર**

બાળકોને વાર્તા કાર્ડ વાંચવા દો અને ચર્ચા કરો. વાર્તા શેના વિશે છે? વાર્તા ક્યાં થઇ? વાર્તામાં શું સમસ્યા હતી? શું પક્ષીઓએ જાળમાંથી બહાર નીકળવા માટે શું કર્યું હતું? વાર્તા કાર્ડમાં કયું પક્ષી બતાવવામાં આવ્યું છે? તમે તમારી આસપાસના વિસ્તારમાં જે પક્ષીઓ જુઓ છો તેમના નામ આપો.

બાળકોને દરેક વાર્તા કાર્ડ પર કબૂતરોની સંખ્યા ગણવા કહો. બાળકોને ટપકાવાળી લીટીઓ (બાળકોને અનુકૂળ કાતરનો ઉપયોગ કરીને) સાથે વાર્તા કાર્ડ કાપવા માટે પ્રોત્સાહિત કરો. વાર્તાના કાર્ડને યોગ્ય ક્રમમાં ગોઠવો અને તેમના પોતાના શબ્દોમાં વાર્તા ફરીથી લખવા કહો.

**પ્રવૃત્તિ 39 : યોગ્ય કદ**

બાળકને ચિત્રોને તેના કદ પ્રમાણે 'મોટા', 'મધ્યમ' અને 'નાના' તરીકે ઓળખવા અને નામ આપવા કહો. તમે આપેલ ચિત્રો પર વાર્તા બનાવી શકો છો અથવા બાળકોને વાર્તા બનાવવા દો. અહીં બાળકો ગાણિતિક શબ્દભંડોળનો ઉપયોગ કરી શકે છે. જેમ

© NCERT not to be republished

કે, મોટું-મોટું-મોટું અથવા નાનું-નાનું-નાનું વગેરે. બાળક કાતરનો ઉપયોગ કરીને ટપકાંવાળી રેખાઓ સાથે ચિત્રને કાપી યોગ્ય સ્થાનો પર ચોંટાડવા કહો. ઉદા., મધ્યમ બાઉલને મધ્યમ ઢીંગલી નીચે ચોંટાડો વગેરે વગેરે.

**<u>પ્રવૃત્તિ 40: મોટુ અને નાનું</u>**

બાળકોને આપેલી જગ્યાઓમાં નાના અને મોટા આકાર (જૂના સામયિકો/અખબારોમાંથી) કાપીને ચોંટાડવા કહો.

**<u>પ્રવૃત્તિ 41: લાલ કિલ્લો</u>**

સ્વતંત્રતા દિવસ અને આપણા રાષ્ટ્રીય તહેવારો તથા તેના મહત્વ વિશે વાત કરો. બાળકોને રાષ્ટ્રધ્વજ અને લાલ કિલ્લામાં રંગ પુરવાનું કહો.

**<u>પ્રવૃત્તિ 42: બીજાઓ પ્રત્યે કરુણા</u>**

બાળકોને વર્તુળમાં બેસાડી ચર્ચાનું આયોજન કરો. આપણે પ્રાણીઓ સાથે હંમેશા દયાળુ વર્તન કરવું જોઈએ તે વિશે વાત કરો. આપણે આપણાં દૈનિક જીવનમાં કરુણા દાખવવી જ જોઈએ તે અંતર્ગત બાળકો અભિનય સાથે તેનું ગીત ગાશે અને વાર્તા પણ કહેશે. બાળકોને પેપર ફોલ્ડ કરીને માછલી બનાવવામાં મદદ કરો અને તેમને આપેલી જગ્યામાં માછલીને ચોંટાડવા કહો. તેઓ માછલી પણ દોરી શકે છે.

**<u>પ્રવૃત્તિ 43: તંદુરસ્ત આહાર</u>**

તંદુરસ્ત અને બિનઆરોગ્યપ્રદ ખોરાકની આદતોની ચર્ચા કરો. બાળકોને દરેક ખાદ્ય પદાર્થને ઓળખવા અને નામ આપવા માટે પ્રોત્સાહિત કરો. બાળકોને પૂછો કે તેઓ દિવસમાં મોટાભાગે શું ખાય છે? પછી બાળકને દરેક હરોળમાં તંદુરસ્ત ખોરાકનું વર્તુળ કરવાનું કહો.

**<u>પ્રવૃત્તિ 44 અને 45: રમતના મેદાનમાં (ચિત્ર વાચન)</u>**

બાળકોને રમતના મેદાનનું ચિત્ર જોવા દો અને તેમાં શું થઈ રહ્યું છે? તે વિશે વાત કરવા કહો. સર્જનાત્મક અને વિવેચનાત્મક વિચારસરણીના પ્રશ્નો પૂછો. કેટલાક ઉદાહરણો વર્કશીટમાં આપવામાં આવ્યા છે. બાળકોને નજીકના પાર્કમાં લઈ જાઓ અને તેમને આઉટડોર રમતનો આનંદ માણવા દો. તેમને ખરી પડેલાં પાંદડાં, ડાળીઓ, ફૂલો વગેરે એકત્રિત કરવા કહો અને વર્ગખંડમાં વર્ગીકરણ અને તરાહ (પેટર્ન) બનાવવાનું આયોજન કરો. બાળકોને મળેલી વસ્તુઓ/સંગ્રહોના ઉપયોગથી કોલાજ બનાવવા અને ફૂલ અને પાંદળાની છાપ વગેરે કરવા માટે કહો.

**<u>પ્રવૃત્તિ 46: મારા દસ ફુગ્ગા</u>**

મીના અને રવિ વિશે વાર્તા બનાવો. બાળકોને કહો કે કેવી રીતે એકવાર બંને રંગબેરંગી ફુગ્ગાઓ સાથે રમવા માંગતા હતા. બાળકોને વાર્તામાં ઉમેરવા દો અને વાર્તાને શીર્ષક આપવા કહો. પછી તેમને ફુગ્ગાઓની ગણતરી કરવા કહો. તેમાં રંગ પૂરો. ફુગ્ગાઓનો પહેલો સમૂહ મીનાના હાથમાં અને ફુગ્ગાનો બીજો સમૂહ રવિના હાથમાં તેને જોડાવા કહો. છેલ્લે તેમને ફુગ્ગાઓની કુલ સંખ્યા ગણવા અને તેને બોક્સમાં લખવા કહો.

© NCERT not to be republished

**પ્રવૃત્તિ 47: ગણો અને રંગ પૂરો**

બાળકને ટ્રેનના કોચની સંખ્યા ગણવા કહો અને દરેક નંબરને આપેલા રંગો પ્રમાણે તેમને રંગ પુરાવા કહો. સંખ્યાઓ પર ગીત ગવડાવો. બાળકોને ખાલી દીવાસળીની પેટી અથવા ખાદ્યપદાર્થો (અથવા અન્ય કંઈપણ સરળતાથી ઉપલબ્ધ હોય અને કોઈ ખર્ચ ન હોય) તેવી સામગ્રી એકત્રિત કરવા દો અને નાની ટ્રેન બનાવવા માટે તેમને માર્ગદર્શન આપો. જૂથમાં કામ કરતા બાળકોનું અવલોકન કરો અને તેઓ કેવી રીતે એકબીજા સાથે વાત કરે છે? અને તેમની સામગ્રી વહેંચે છે? તે વિશે વાત કરો. શું તમે ક્યારેય ટ્રેનની મુસાફરી કરી છે?, તમે ક્યાં ગયા હતા?, તમે બીજા કયા કયા વાહન દ્વારા મુસાફરી કરી છે? તમને કઈ મુસાફરીમાં મજા આવે છે? વગેરે.

**પ્રવૃત્તિ 48: હું મારી જાતને સાફ કરું છું**

બાળકોને તે વસ્તુઓ વિશે વાત કરવા દો જેનો ઉપયોગ વ્યક્તિના શરીરને સ્વચ્છ રાખવા માટે થાય છે. તેમને બૉક્સમાં આપેલી સૂચનાઓ અનુસાર યોગ્ય વસ્તુઓ દોરવા અને તેમને રંગ પુરાવા માટે પ્રોત્સાહિત કરો.

**પ્રવૃત્તિ 49: માર્ગ સલામતી (ચિત્ર વાચન)**

